## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે, અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિધ્ધાંતના પ્રશ્ન પર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેની કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાઓની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ ઉપર ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરુક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે.

**NEXT**